# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ:- 02

તા.10-04-2021

## ૧૮મી એપ્રિલ 2021 ના રોજ યોજાનારી ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી મોકૂફ રાખવા ચુંટણીપંચને વિનંતી કરતા ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ

----------

## કોરોના મહામારી સામે લડવા માટે સેવાકીય પ્રવૃત્તિઓમાં વ્યસ્ત થવા કાર્યકર્તાઓને આહવાન કરતા ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ

----------

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગની એક અખબારી યાદી જણાવે છે કે તાજેતરમાં રાજ્ય ચૂંટણી પંચ દ્વારા તારીખ 18 એપ્રિલ 2021 ના રોજ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ગાંધીનગર મહાનગરપાલિકાનું ઇલેક્શન જાહેર કરવામાં આવેલ હતું. આ ઇલેક્શનમાં તમામ રાજકીય પક્ષો દ્વારા પોતપોતાના ઉમેદવારો નક્કી કરી ચૂંટણીની તૈયારીમાં વ્યસ્ત થઈ ગયેલ છે, પરંતુ સમગ્ર વિશ્વ, દેશ અને ગુજરાત રાજ્યમાં કોરોના મહામારીનું સંક્રમણ વધી રહ્યું છે ત્યારે ભારતીય જનતા પક્ષ રાજ્યની જનતા અને ઇલેક્શનની કામગીરી માં રોકાયેલ તમામ અધિકારીઓ કોરોનાથી સંક્રમિત ન થાય તે હેતુથી ગુજરાત પ્રદેશ ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલે રાજ્ય ચૂંટણીપંચને તારીખ 9 એપ્રિલ 2021 ના રોજ એક પત્ર લખી ગાંધીનગર મહાનગરપાલિકાનું ઇલેક્શન મોકુફ રાખવા વિનંતી કરેલ છે.

ભારતીય જનતા પક્ષના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલે કોરોના મહામારીનું સંક્રમણ અટકાવવા માટે તેમજ સંક્રમિત થયેલ દર્દીઓને કોઈપણ જાતની મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે તે માટે પક્ષના કાર્યકર્તાઓને સેવાકીય પ્રવૃત્તિમાં વ્યસ્ત થવા આહવાન કરેલ છે.

ડૉ. યજ્ઞેશ દવે
પ્રદેશ મીડિયા કન્વીનર